

કથ્થક - શહેરના જાણીતા નૃત્ય નિર્દેશીકા જયતિ બ્રહ્મભટ્ટ સંચાલિત કલાઘાટ સંસ્થા દ્વારા શહેરની ૨૨ યુવતિઓ દ્વારા કથ્થક નૃત્ય પ્રસ્તુત કરાયા હતા. વિવિધ ૧૧ પ્રકારના નૃત્યોની પ્રસ્તુતિએ પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. આ પ્રસંગે જાણીતા કથ્થક નૃત્યકાર બિજોય શિવરામ અને સૌમ્ય પંત સહિત કલાપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સેક્ટર-૨૨ની ઢોર ડબ્બામાંથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા

## શહેરમાં ૧૦૦થી વધુ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળતાં તંત્રએ એન્ટી લારવેલની કામગીરી વધુ સઘન કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત સે. ૨૨માં ઢોર ડબ્બા કચેરીમાં જ ૧૨ સ્થાનોએથી નગરપાલિકાની મેલેરિયા તંત્રની ટીમે એડીસ મચ્છરોના બ્રિડીંગ શોધી કાઢ્યા છે.

મહાનગરપાલિકાના મેલેરિયા તંત્ર દ્વારા શહેરમાં મચ્છરોના બ્રિડીંગ અને લારવા પકડી તેનો નાશ કરવાની સઘન ઝુંબેશ ચાલી રહી છે. સપ્ટેમ્બર માસ દરમ્યાન આ તંત્રે ૨૩૦૦થી પણ વધુ પાત્રોમાં એડીસ મચ્છરોના બ્રિડીંગ અને લારવા

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમંત્રીની મુલાકાત પછી ૧૦થી વધુ કર્મચારીઓના ખુલાસા પુછાયા

## તંત્રમાં વ્યાપેલો સન્નાટો : તંત્રમાં આઉટ સોર્સિંગથી ભરતીને લઈ પણ પ્રશ્નો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીની મુલાકાતના પડઘા હજુ શમ્યા નથી અને સિવિલ સત્તાવાળાઓએ ૧૦થી વધુ કર્મચારીઓને નોટીસ ફટકારી ખુલાસા માંગ્યા છે.

તાજેતરમાં રાજ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીની મુલાકાત દરમ્યાન વી.આઈ.યુ.ની કામગીરીને લઈ બહાર આવેલ ક્ષતિઓ બાબતે અધિકારી કક્ષાએ પણ અલગથી તપાસ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

સિવિલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જે વહીવટીય અને સેવાકીય બાબતોમાં ત્રુટીઓ જણાઈ હતી તેને લઈ આ ૧૦થી વધુ કર્મચારીઓના લેખિતમાં

● અનુસંધાન પાન-૭ પર

# ખૈલેયાઓમાં કચ્છી ભરતકામ અને ભરવાડી ડ્રેસની હોટ ડીમાન્ડ


## કચ્છી વર્ક દુર્લભ બની રહયુ છે : કચ્છી ડ્રેસ માટે એકસરખુ મટીરીયલ્સ મળતુ ન હોવાથી ડ્રેસ તૈયાર કરવાના દામ પણ ઉંચા : ૨૫ થી ૪૦ હજારમાં ડ્રેસ તૈયાર થાય છે



ગાંધીનગર તા ૨


નવલા નોરતામાં ગરબે ઘુમવા નવ યૌવન સજ્જ થઈ રહયુ છે. ગરબાના વિવિધ સ્ટેપ્સની તાલીમ લેવા ઉપરાંત સોળે શણગાર સજી ગરબે ઘુમવા ખૈલૈયાઓ ભાતીગળ ડ્રેસીઝ તૈયાર કરવામાં પણ વ્યસ્ત છે. આ વખતે પણ ખૈલેયાઓમાં કચ્છી ભરતકામ તેમજ હુડાનો ડ્રેસ હોટ ઈન ડીમાન્ડ છે. કચ્છી વર્કમાં પણ વિવિધ સાત થી આઠ પ્રકારના કલાત્મક ભરતકામવાળા ડ્રેસ જોવા મળેછે. પરંતુ આ વર્ષે એકસારખુ મટીરીયલ્સા સારળતાાથી ઉપલબ્ધ થતુ નથી. જેથી આ પ્રકારના ટ્રેડીશ્નલ ડ્રેસ તૈયાર કરવા પાછળ ૨૫ થી ૪૦ હજાર સુધીનો ખર્ચ થાય છે. આગામી નવરાતમાં ખૈલેયાઓ ભરવાડી અને કચ્છી ડ્રેસીઝમાં સજ્જ જોવા મળશે. સુરેન્દ્રનગરના થાનગઢમાંથી પણ નગરના ગરબાપ્રમીઓએ ભાતીગળ વસ્ત્રો તૈયાર કરવા માટે કલાત્મક વર્કવાળા નમુના ખરીદ્યા છે.

નવરાતનુ પર્વ નજીકમાં છે.ત્યારે નવયૌવન સોળે શણગાર સજી ગરબે ઘુમવા ઉત્સુક છે. ખૈલેયાઓ પણ ગરબા મેદાનમાં વિવિધ સ્ટેપ્સ સાથે તાલ મિલાવવા તત્પર બન્યા છે. નગરમાં ગરબાના વર્ગો ધમધમી રહયા છે. ત્યારે ગરબાની જુદી જુદી સ્ટાઈલની સાથે ટ્રેડીશ્નલ વસ્ત્રોમાં પણ દરવર્ષે નતનવી વેરાયટી જોવા મળે છે. જો કે છેલ્લા ઘણાં સમયથી ગરબે રમતા ખૈલેયાઓમાં કચ્છી વર્કના કેડીયા અને ચણિયાચોળીની વિશેષ બોલબાલા છે. ત્યારે આગામી નવરાતમાં પણ કચ્છી અને હુડો સ્ટાઈલ ભરવાડી ડ્રેસનુ વિશેષ આર્કષણ જોવા મળશે. નવરાતને ગણતરીના દિવસો આડા રહેતા નગરના ગરબા પ્રમીઓ ડ્રસીસ તૈયાર કરવાની મથામણમાં વ્યસ્ત જોવા મળી રહયા છે. આ અંગે યુવા કલાકાર ભાવિન પટેલે જણાંવ્યુ હતુ કે નગરના યુવક યુવતિઓમાં કચ્છીવર્કના ડ્રસીસનુ આર્કષણ યથાવત છે. પરંતુ કચ્છી વર્ક દુર્લભ થઈ રહયુ છે. કચ્છી કારીગરીમાં પણ મોચી, ભરવાડી, આહીર સહીત વિવિધ સાત થી આઠ પ્રકારના વર્કવાળા ભાતીગળ વસ્ત્રો જોવા મળે છે. યુવક યુવતિઓ માટેના ભરતકલાથી સજ્જ વસ્ત્રો રૂ. ૨૫ થી ૪૦ હજાર સુધીમાં તૈયાર થાય છે. નગરના ખૈલેયાઓ આકર્ષક ડ્રેસીસ તૈયાર કરવા પાછળ લાખો રૂપિયા ખર્ચ કરે છે. ખૈલેયાઓમાં ડ્રેસ ભાડે લેવાનો પણ ટ્રેન્ડ પણ હજુ યથાવત છે. જો કે ભાતીગળ વસ્ત્રો માટે એક દિવસનુ ૨૦૦ થી લઈ ૨૦૦૦ હજાર સુધીનુ ભાડુ પણ વસુલવામાં આવે છે. યુવકોમાં ભરવાડી કોટી ,સાફો અને ભરતકામ કલાકૃતિવાળી બોરી પણ ડીમાન્ડમાં છે. અલબત્ત આગામી નવરાતમાં ગરબા પ્રમીઓ કચ્છી અને હુડાના ડ્રેસમાં સજ્જ જોવા મળશે.




Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **અમૃતલાલ ગંગારામ મોઢ** (એ. જી. મોઢ, નિવૃત્ત અધિક્ષક ઈજનેર) તા. ૨/૧૦/૨૦૧૫, શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૪/૧૦/૨૦૧૫ના રોજ સવારે ૯ થી ૧૨** દરમિયાન રાખેલ છે.

સ્થળ: શ્રી લેઉવા પટેલ સેવા સમાજની વાડી, સેક્ટર-૭સી, બસ સ્ટેન્ડર નજીક, ગાંધીનગર. મો. : ૯૮૨૫૨ ૫૧૬૩૫

લી.

**બાબુલાલ જી. મોઢ (ભાઈ)** **પ્રકાશ એ. મોઢ (પુત્ર)**
**પોપટલાલ જી. મોઢ (ભાઈ)** **ભરત એ. મોઢ (પુત્ર)**

## KENDRIYA VIDYALAYA NO. 1
SECTOR-30, GANDHINAGAR (GUJARAT)
Contact No. 079-23261211/23261209

### APPOINTMENT NOTICE

Wanted a Qualified Nurse on contractual basis for the Academic Session 2015-16 as per details given below. Walk-in-Interview will be held in the Vidyalaya campus on 09.10.2015 at 01:00 pm. (Bring original testimonials with a set of Photostat copy). No TA/DA will be paid for attending the interview.

| POST | Essential Qualification | Timings | Remuneration |
|---|---|---|---|
| Nurse (One) | Diploma in Nursing | 08 hours daily | As per KVS norms |

NOTE:
Please see the Vidyalaya Notice Board/Web Site for detailed information.

Principal

website : www.kv1gandhinagar.org

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com